# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-01-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ભારત અને EU મુક્ત વ્યપાર સમજુતી:

ભારત અને યુરોપિય સંઘ પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર સમજૂતી માટેની વાતચીત પૂરી કરી લીધી છે. જેની ઘોષણા આજે થશે. તેનો ઉદ્દેશ્ય બને પક્ષો વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવા ઉપરાંત આર્થિક સંબંધોને મજબૂત કરવાનો છે. વાણિજય સચિવ રાજેશ અગ્રવાલે કહ્યું કે આ સમજૂતી સંતુલિત અને દૂરદર્શી છે, જે ભારતને યુરોપિય સાથે વધુ સારા આર્થિકીકરણમાં મદદ કરશે અને બંને અર્થવ્યવસ્થાઓ વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપશે. આ સમજૂતીની જાહેરાત યુરોપિય સંઘ ભારત શિખર સંમેલનમાં કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક:

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજીજુએ બજેટ અધિવેશનથી પહેલા આજે 11:00 વાગ્યે સર્વદળીય બેઠક બોલાવી છે. આ બેઠકનો હેતુ કાર્યવાહીને સુચારુ ચલાવવા તેમજ સત્ર દરમિયાન મુખ્ય રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે. બજેટ અધિવેશન કાલથી શરૂ થશે. સત્ર દરમિયાન કુલ ૩૦ બેઠકો યોજાશે. 1લી ફેબ્રુઆરીના દિવસે 2026-27 નું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ થશે.

-----------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીયગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસે:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ ગાંધીનગરના અડાલજમાં સમયો મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી લેખનના 200 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આ વર્ષે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. કેન્દ્રીયગૃહ મંત્રીના આગમનને પગલે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવાયો છે.

---------------------------------------------------------------------------------------------

## સરકાર ખેડુતો પાસેથી લઘુત્તમ  ટેકાના ભાવે 100 ટકા ખરીદી માટે પ્રયત્નશીલ:

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી હતી કે સરકાર ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે તુવેર, મસુર અને અડદ સહિત કઠોળની ૧૦૦% ખરીદી સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે. તેમણે નવી દિલ્હીમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સરકાર દ્વારા ખાસ આમંત્રિત ખેડૂતો સાથેની ચર્ચા દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે, કારણ કે લગભગ ૭૦ ટકા વસ્તી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી પાક વીમા યોજનાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા:

દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૫ માટે (૧) શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ/સ્વરોજગાર કરતી શ્રેષ્ઠ દિવ્યાંગ વ્યક્તિઓ (૨) દિવ્યાંગોને નોકરીએ રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ અને (૩) દિવ્યાંગ વ્યક્તિઓને રોજગારી પુરી પાડતા પ્લેસમેન્ટ ઓફિસરોને રાજ્ય કક્ષાના પારિતોષિક આપવાની યોજના અમલમાં છે, જે અન્વયે દિવ્યાંગ પારિતોષિક મેળવવા ઇચ્છુક દિવ્યાંગ કર્મચારીઓ/અધિકારીઓ અથવા દિવ્યાંગ કર્મચારીઓને

નોકરીમાં રાખનાર ઇચ્છુક અધિકારીશ્રીઓ/નોકરીદાતાઓ અથવા સ્વરોજગાર કરતાં દિવ્યાંગ વ્યક્તિઓએ નિયત નમુનામાં ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે, આગામી ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ બહુમાળીભવન, ભુજ ખાતે આવેલ જિલ્લા રોજગાર વિનિમય કચેરીને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવા અનુરોધ કરવામાં આવે છે.

---

## ક્રિકેટ:

મહિલા પ્રીમિયર લીગના રસાકસી ભર્યા મુકાબલામાં મુંબઈ ઇન્ડિયન્સ ટીમે રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ને 15 રન થી હાર આપી હતી. મુંબઈ ટીમે 4 વિકેટે 199 રન કર્યા હતા.સિલ્વર બ્રાન્ટ મહિલા પ્રીમિયર લીગની સ્પર્ધામાં સદી નોંધાવનાર પ્રથમ મહિલા ખેલાડી બની હતી. વળતા જવાબમાં બેંગલોર ટીમ 184 રન કરી શકી હતી.

---

## ગુજરાત ટેબ્લો:

દિલ્હીમાં કર્તવ્ય પથ પર 77-મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં 17 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગની 13 ઝાંખી સહિત કુલ 30 ટૅબ્લોનું પ્રદર્શન થયું.

પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPFનાં સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ CRPFની પુરુષોની કન્ટિજન્ટનું નેતૃત્વ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું.

સાથે જ નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારાં મૅડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ્' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનના સુભગ સમન્વય આ ટૅબ્લોની અનોખી ભાત ઉભી કરી હતી.

---

## હવામાન:

રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ છે. ત્યારે હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ ઠંડી વધવાની આગાહી કરી છે. ત્યારબાદ ધીમે-ધીમે ઠંડી ઘટી શકે છે. 9 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યનું ઠંડુ મથક બન્યું હતું. જિલ્લા મથક ભુજમાં પણ ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ભુજ ખાતે 10 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાનીઅસર કચ્છમાં સ્પષ્ટ વર્તાઇ રહી છે. વહેલી સવારથીફૂંકાતા બરફીલા પવનોના કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે.

---